Divya Bhaskar
Front Page
Date : 14-03-24

## યુથ ઓલિમ્પિક 2029 અને ઓલિમ્પિક 2036ની યજમાનીના આયોજન માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ

# ગોધાવી-મણિપુરને સ્પોર્ટ્સ સિટી-સ્પેશિયલ ઝોન તરીકે વિકસાવવા 15 હજાર કરોડ ખર્ચાશે, હજારો એકર જમીન સંપાદન કરવા વિચારણા

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં નિર્ણય લેવાયો

ભાસ્કર ન્યૂઝ, ગાંધીનગર

આગામી સમયમાં યુથ ઓલિમ્પિક્સ 2029 અને 2036માં યોજાનારી ઓલિમ્પિક્સ રમતોના આયોજન માટે ગુજરાત સરકારે અમદાવાદના એસપી રિંગ રોડ પર ગોધાવી-મણિપુર-ગરોડિયા ગામની જમીનોમાં વિશાળ સ્ટેડિયમ અને નોલેજ એન્ડ સ્પોર્ટ્સ કોરિડોર ઊભો કરવાનું નક્કી કર્યું છે. બુધવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય સરકારની ઉચ્ચ સ્તરીય બેઠક મળી હતી તેમાં આ નિર્ણય લેવાયો હતો. ગુજરાત સરકાર જમીનની કિંમત સહિત અંદાજે 15 હજાર કરોડ રૂપિયાના ખર્ચે અહીં રમતગમત સુવિધાઓ ઊભી કરવા જઈ રહી છે. અહીં વિશ્વકક્ષાની સ્પોર્ટ્સ ફેસિલિટી તૈયાર થશે. સૂત્રોના કહેવા પ્રમાણે અંદાજે 1 હજાર એકર જમીનમાં સ્પોર્ટ્સ સિટી બનાવવાનું આયોજન છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2036માં યોજાનારા ઓલિમ્પિકનું યજમાન પદે અમદાવાદ પસંદ થાય તે માટેની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ યજમાની માટેની પૂર્વ તૈયારી રૂપે મોટેરા ખાતેના સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ ઉપરાંત અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં સરદાર પટેલ રિંગ રોડ પાસે એક આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ એકેડેમી સ્થાપવાનું આયોજન થવાં જઈ રહ્યું છે.

**ભાસ્કર અગ્રેસર**




ગોધાવીમાં 10 હજાર કરોડના ખર્ચે 500 એકરનું ભવ્ય સ્પોર્ટ્સ સિટી બનાવવા અંગેનો અહેવાલ 5 નવેમ્બર-2023ના અંકમાં પ્રસિદ્ધ કરાયો હતો.

ઔડા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને વિવિધ એન.જી.ઓ એ આ પ્રારંભિક તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ શહેરની હદને અડીને આવેલા વિસ્તારોમાં કેટલાક પ્રોજેક્ટ્સ અમલી બનાવવાનું શરૂ કર્યું છે. જુદા જુદા હિતધારકોનો સહયોગ અને સંકલન થઈ શકે તે માટે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ઘનિષ્ઠ ચર્ચા-વિચારણાઓ કરવામાં આવી હતી.

સરદાર પટેલ રિંગરોડની પશ્ચિમ તરફ ઔડાના ડી.પી.માં સૂચિત 90 મીટર પહોળા રિંગ રોડ તથા બોપલ-પલોડીયાના 36 મીટર રોડની આસપાસના મણિપુર, ગોધાવી, ગરોડિયા વિસ્તારોમાં નોલેજ એન્ડ સ્પોર્ટ્સ કોરિડોર નિર્માણ કરવા બાબતે પણ આ બેઠકમાં વિચારણા થઈ હતી. આ વિસ્તારમાં થોડા સમય પૂર્વે જમીન અંગે સર્વે કરવામાં આવ્યો હતો. નારણપુરા ખાતે પણ સ્ટેડિયમનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ઓલિમ્પિકની યજમાની માટે હજારો એકર જમીન સંપાદન કરવાની વિચારણા છે.

## આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવાશે

### પતિયાલા/હરિયાણાનો વિકલ્પ બનશે ગુજરાત

હાલ પતિયાલાની નેતાજી સુભાષ ચંદ્ર બોઝ નેશનલ સ્પોર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ અને હરિયાણાની વિવિધ સ્પોર્ટ્સ એકેડેમીમાં દેશભરના ખેલાડીઓ ટ્રેનિંગ અને કોચિંગ માટે જાય છે. એક વખત ગુજરાતની આ એકેડેમી તૈયાર થઈ જાય પછી અહીં તમામ રમતોના ભારતીય ખેલાડીઓ માટેનું મક્કા થઈ જશે. અહીં જ આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા ઉપરાંત કોચ અને નિષ્ણાતો પણ તૈનાત કરવાનું આયોજન છે. ગુજરાતના ખેલાડીઓ માટે આ ઉત્તમ તક હશે.

### પીપીપી મોડલથી કોમ્પ્લેક્સ ઊભું કરવા જમીન સંપાદિત કરાશે

સરકાર આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ થકી કરવા માંગે છે. આ હેતુસર કેટલીક સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓની પાસે રહેલી જમીનો પણ આ માટે સંપાદિત કરવામાં આવશે. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ટ્રેઈનિંગ એકેડેમી સહિતનું માળખું ઊભું કરવા માટે સરકાર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતી એજન્સીઓને કામ આપવામાં આવશે.

### મેટ્રો-BRTSને પણ ગોધાવી-મણિપુર સુધી લંબાવાશે

આ સુચિત સ્પોર્ટ્સ, સ્કિલ, નોલેજ ઝોનને કનેક્ટિવિટીના હેતુસર બી.આર.ટી.એસ અને મેટ્રો રેલ દ્વારા કેવી રીતે જોડી શકાય તે અંગે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભ્યાસ કરવા માટે સરકારના અધિકારીઓને જરૂરી નિર્દેશ આપ્યા હતા. ખેલાડીઓને રહેવા તથા જમવા માટેની સુવિધા પણ અહીં પૂરી પાડવામાં આવશે.